નામ.હાઈકોટ દ્વારા આપવામાં આવતા ચુકાદા અન્વયે ઉચ્ચતર પગાર ધોરણના તફાવતના નાણાં ચુકવવા, વળતરની ચુકવણી તથા વ્યાજ ચુકવણી વગેરેની વહીવટી મંજૂરી આપવા અંગેની ચાલુ બાબત વર્ષ ૨૦૨૬-૨૭.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/CIE/e-file/23/2025/1220/B1**

સચિવાલય, ગાંધીનગર.

તા.ઈ-સાઈન મુજબ

**ઠરાવ:**

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓના કોર્ટ સબંધિત બાબતો જેવી કે, વળતર ચુકવણી કે વ્યાજ ચુકવણી માટે બજેટ સદર ૧૦૬-૨૨૩૬-૮૦-૦૦૧-૦૫ કોર્ટ ચુકાદા અન્વયે વળતર અને વ્યાજની ચુકવણી (૧૦૦% રાજ્ય ફાળો) માટે રૂ.૩.૭૫ કરોડની ચાલુ બાબત તરીકે નીચે દર્શાવેલ બજેટ સદર તેમજ શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

**આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે:**

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | ૧૦૬ રેવન્યુ |
| મુખ્ય સદર | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | ૮૦ જનરલ |
| ગૌણ સદર | ૦૦૧ Direction & Administration |
| પેટા સદર | ૦૫ નામ.કોર્ટના ચુકાદા અન્વયે વળતર અને વ્યાજની ચુકવણી (૧૦૦% રાજ્ય ફાળો) |

**શરતો:**

૧. આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ થી કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (**GeM**) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (**No Objection Certificate)** મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન

કરવાનુ રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૧. **Social Audit** અને **Third Party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

૧૨. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૧૩. **C.M Dash Board** સાથે યોજના **Link** કરવાની રહેશે.

૧૪. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૫. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૬-૨૭ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણાં સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે

(ડી.યુ.ગોસાઇ)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ગાંધીનગર

પ્રતિ,

1. માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન.મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. સચિવશ્રી ના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. કમિશ્નરશ્રી (આઇ.સી.ડી.એસ.), મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી (કમિશ્નરશ્રી (આઇ.સી.ડી.એસ.)ની કચેરી મારફત)
7. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરની કચેરી (કમિશ્નરશ્રી (આઇ.સી.ડી.એસ.)ની કચેરી મારફત)
8. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇ.સી.ડી.એસ.), જિલ્લા પંચાયત કચેરી (કમિશ્નરશ્રી (આઇ.સી.ડી.એસ.)ની કચેરી મારફત)
9. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇ.સી.ડી.એસ.), મ્યુનિસિપલ કમિશ્નરની કચેરી (કમિશ્નરશ્રી (આઇ.સી.ડી.એસ.)ની

કચેરી મારફત)

10. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

11. એકાઉન્ટન્ટ જનરલશ્રી ની કચેરી. અમદાવાદ, રાજકોટ.

12. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

13. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ. (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ)

14. સિલેક્ટ ફાઇલ.